# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૯/૧૦/૨૦૨૦

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## 'ટી.સી.એસ. એન્ડ ઇ–ઇન્વોઇસીંગ પ્રોવિઝન્સ એન્ડ અધર આઇ.ટી. એન્ડ જીએસટી અપડેટ્સ' વિશે વેબિનાર યોજાયો

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શુક્રવારે, તા. ૯ ઓક્ટોબર, ૨૦૨૦ના રોજ 'ટી.સી.એસ. એન્ડ ઇ–ઇન્વોઇસીંગ પ્રોવિઝન્સ એન્ડ અધર આઇ.ટી. એન્ડ જીએસટી અપડેટ્સ' વિષય ઉપર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિષ્ણાંત વકતા તરીકે આર.એસ.એમ. એસ્ટુટ કન્સલ્ટેકના વાઇસ ચેરમેન નિરવ જોગાણીએ ટેક્સ કલેક્ટેટ એટ સોર્સની મિકેનિઝમ, ઇ–ઇન્વોઇસીંગ અને જીએસટીમાં થયેલા ફેરફારો વિશે મહત્વની સમજણ આપી હતી.

નિરવ જોગાણીએ જણાવ્યું હતું કે, ટેક્સ કલેક્ટેટ એટ સોર્સ (ટી.સી.એસ.)ની મિકેનિઝમ ગાડીઓ તથા સ્ક્રેપ ઉપર પહેલાંથી જ લાગુ હતી. પરંતુ ૧લી ઓક્ટોબર ૨૦૨૦થી સરકારે હવે દરેક ઇન્ડસ્ટ્રી માટે તે લાગુ કરી દીધું છે. કરદાતાઓના ડેટા કલેકશન માટે સરકાર દ્વારા આ જોગવાઇ કરવામાં આવી છે. આ જોગવાઇ મુજબ કોઈપણ માલ વેચતી વખતે ખરીદદાર અથવા ગ્રાહક પાસેથી ટી.સી.એસ. લેવાનો હોય છે. ટી.સી.એસ. વસૂલ્યા પછી તેને સરકારમાં જમા કરાવવાનો હોય છે. ફકત અમુક વસ્તુઓના વેચાણકર્તાઓ જ તેને કલેક્ટ કરી શકે છે.

તેમણે જણાવ્યું હતું કે, વર્ષ દરમ્યાન જ્યારે પેમેન્ટ રૂપિયા ૫૦ લાખથી વધારે આવતું હોય ત્યારે ટી.સી.એસ. ઉઘરાવવામાં આવે છે. ઘણા બધા ટ્રાન્જેકશન ઉપર ટી.સી.એસ. લાગુ પડે છે. વિદેશમાં શિક્ષણ માટે અથવા કોઇપણ કારણસર રૂપિયા મોકલવા હોય તો રૂપિયા ૭ લાખની મર્યાદા છે. રૂપિયા ૭ લાખથી વધારે ટ્રાન્જેકશન થયું હોય તો તેના માટે ટી.સી.એસ. લાગે છે. જ્યારે ફોરેન ટુરમાં એક રૂપિયો પણ ખર્ચવામાં આવે તો તેના પર ટી.સી.એસ. લાગુ પડી જાય છે. ટી.સી.એસ., ઇન્કમ ટેકસમાં બતાવીને મજરે લેવાનું હોય છે.

તેમણે ૧લી ઓક્ટોબર ૨૦૨૦થી જીએસટીમાં સમાવિષ્ટ થયેલી ઇ–ઇન્વોઇસીગ સિસ્ટમ વિશે પણ માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, ઇ–ઇન્વોઇસીગ માટે ફકત ઓક્ટોબર મહિનામાં ૩૦ દિવસનો સમય આપવામાં આવ્યો છે. પરંતુ ત્યારબાદ રોજેરોજ ઓનલાઇન ઇન્વોઇસ મુકવાનું રહેશે. ઇ–ઇન્વોઇસીગ સિસ્ટમ જેને લાગુ પડે છે તેના વિશે તેમણે વિગતવાર ચર્ચા કરી હતી. તદ્દુપરાંત કોવિડ– ૧૯ ને કારણે ઇન્કમ ટેક્ષની ડયૂ ડેટમાં આપવામાં આવેલી નાની–મોટી છુટછાટ, જીએસટીમાં થયેલા ફેરફારો, ઇક્વલાઇઝેશન લેવી અને ઇનપુટ ટેક્સ ક્રેડીટ વિશે તેમણે વિસ્તૃત ચર્ચા કરી હતી.

ચેમ્બરના પ્રમુખ દિનેશ નાવડીયાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. જ્યારે મેનેજિંગ કમિટીના સભ્ય પરેશ લાઠીયાએ વક્તાનો પરીચય આપ્યો હતો. ચેમ્બરની મેનેજિંગ કમિટીના સભ્ય દીપકકુમાર શેઠવાલાએ સમગ્ર વેબિનારનું સંચાલન કર્યું હતું. અંતે ચેમ્બરના ઉપપ્રમુખ આશિષ ગુજરાતીએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ વેબિનારનું સમાપન થયું હતું.